અપીલ અરજી નં.૨૦૧ તા.૪–૧૦–૦૮

અરજદાર: શ્રી જયંતીલાલ બી.મહેતા
સામાવાળા: ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ,કતારગામ ઝોન

**હુકમ:–**

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી જયંતીલાલ બી.મહેતાની તા. ૨૪–૭–૦૮ અરજી થી તા. ૧૬–૭–૦૮ ના રોજ આકારણી વસુલાત શાખાના ત્રણ અધિકારીઓ કતારગામ નવી જીઆઈડીસી/પી/૪૬૧ માં સવારે ૧૧.૦૦ કલાકે બાકી વસુલાત સામે કારખાનાને સીલ મારવા માટે આવેલ તે સીલ મારવા માટેની હુકમની નકલ તથા અધિકારી તરફ હુકમ માટે કરવામાં આવેલ નોટીંગની વિગત આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૪–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૦૧/૨૦૦૮–૦૯

શ્રી જયંતીલાલ બી.મહેતાની તા. ૨૪–૭–૦૮ અરજી થી તા. ૧૬–૭–૦૮ ના રોજ આકારણી વસુલાત શાખાના ત્રણ અધિકારીઓ કતારગામ નવી જીઆઈડીસી/પી/૪૬૧ માં સવારે ૧૧.૦૦ કલાકે બાકી વસુલાત સામે કારખાનાને સીલ મારવા માટે આવેલ તે સીલ મારવા માટેની હુકમની નકલ તથા અધિકારી તરફ હુકમ માટે કરવામાં આવેલ નોટીંગની વિગત આપવા બાબતે સંપુર્ણ માહિતી સમયસર નહીં આપતા અને ખોટી માહિતી આપી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો,તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૬૦ તા.૧૫–૧૦–૦૮ થી ડે.કમિશ્નર (પઅને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.એન.ઝેડ/એઆરડી/૫૩૨ તા.૨૦–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજીમાં તા. ૧૬–૭–૦૮ ના રોજ આકારણી વસુલાત શાખાના ત્રણ અધિકારીઓ કતારગામ નવી જીઆઈડીસી/પી/૪૬૧ માં સવારે ૧૧.૦૦ કલાકે બાકી વસુલાત સામે કારખાનાને સીલ મારવા માટે આવેલ તે સીલ મારવા માટેની હુકમની નકલ તથા અધિકારી તરફ હુકમ માટે કરવામાં આવેલ નોટીંગની વિગત આપવા જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનનો પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૫૬ તા.૧૨–૮–૦૮ થી પી/૪૬૧ વાળી મિલ્કતમાં સીલ મારવાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને કારખાનાને સીલ મારવા અંગે હુકમની નકલ તથા હુકમ માટે કરવામાં આવેલ નોટીંગની વિગત અંગેની માહિતી નીલ છે એવું અરજદારને જણાવવામાં આવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૪–૭–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૨–૮–૦૮ ના પત્રથી અરજદારને પૂરી પાડેલ જણાય છે. તેમ છતાં આ અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી લાગત ફાઈલનું કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર ઈન્સ્પેકશન કરી શકે છે. અરજદાર ધ્વારા તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરું પાડી થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર (પઅનેઈ) કતારગામ ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન.......... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જયંતિલાલ ભગવાનદાસ મહેતા,